ગાંધીનગર સમાચાર






# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હું સાદી ભાષામાં તમને કહું ? વરસાદ આવે છે,
આવશે વરસાદ, ત્યારે આવશો!
યાદ તારી પહેલી ધારે આવશો!

દૂરથી પણ તું તો સળગાવી શકે!
વર્ષા થઈને જયારે જયારે આવશો!

નામ તારું હર ક્ષણે બોલે હૃદય,
હોઠ પર પણ ખરતા તારે આવશો!

મારી પાસે મારાં ખુદનાં સુખ બધા
આજથી તારા ઈશારે આવશો!

એકસાથે બે બે દરિયા જોવા છે!
આજ તું દરિયા કિનારે આવશો?

સંદીપ પૂજારા.

## પાથેય

### એક સાથે બે બે દરિયા..

યાદને અને વરસાદને સીધો કારોબાર છે.કોઈપણ વાર્તા,નવલકથા,કે ફિલ્મમાં વિરહની વાત આવે એટલે બૅકગ્રાઉન્ડમાં ઘનઘોર વાદળો કે ઘેરાયેલું આકાશ છવાયેલું જોવા મળે.વરસાદ અને વિષાદ એકમેકને બહેલાવે છે.ઘણીવાર બહેકાવે છે.મેઘલી રાતની મનભાવન યાદો ઘણા પ્રેમીજન માટે જીવનભરનું સંભારણું બની જતું હોય છે.વિરહી પ્રેમી મેઘને પોતાનો આત્મજન ગણી એના મારફતે સંદેશો મોકલતા હોય અને મેઘા પણ ગડગડાટી કરી એમાં સહભાગી થયાની સાખ પૂરતો હોય એ દ્રશ્ય બધાને ગમી જાય છે.પહેલી ધારના વરસાદનો આગવો મહિમા છે.જે રીતે માણસના જીવનમાં પહેલા પ્રેમનું મહત્વ હોય છે.જયારે પણ મોસમની પહેલી ધારનો વરસાદ પડે છે..માણસને પહેલા પ્યારની યાદો ઘેરાઈ વળે છે.

પ્રીતમાં ભીંજાવું અને એનું અનુસંધાન વરસાદની ભીનાશમાં શોધવું સહજ છે.એકબીજાની યાદમાં ઝૂરવું જયારે ઉત્કટ બને ત્યારે વરસાદ વિસામો બની જાય છે.વિરહની જલન માણસને ભીતરથી દઝાડે છે.એમાં દેખીતી રીતે કોઈ જવાબદાર લાગતું નથી.વર્ષા દૂરથી પણ માણસને દઝાડતી રહે છે.આ દાઝ એ દાહ નહીં પરંતુ મનગમતી ચાહ બની જાય છે.!

સ્મૃતિપટની સ્લેટ ઉપર નાનપણનો એકડો અમીટપણે ઘુંટાઇ જતો હોય છે..નાના હતા ત્યારે શાળાની દિવાલો વધુ મોટી લાગતી હતી..શાળાનો ઓરડો કોઈ મનની વિરાસતના મહાલયથી કમ નથી હોતો.બચપણનો કોઈ દોસ્ત જિંદગીની ભીડમાં મળી જાય તો ? આવી એક તરસ સહુ કોઈને હોય છે..

સહપાઠીનો સંગાથ ત્યારે પ્રગાઢ લાગતો..ચણામમરા કે આકર્ષક ટિકડાઓના સ્વાદ આગળ આજની અનેકવિધ ફ્લેવર બેસ્વાદ લાગે છે..મેલાઘેલા મિત્રો આજના સુઘડ સન્મિત્રો કરતાં વધારે વ્હાલા લાગે છે.ઉંમરના એ પછી ના પડાવોમાં નિર્દોષતાની નાસભાગ થઈ જતી હોય છે..સમજણ સર્વેસર્વા થઈ જતી હોય છે.. એ અર્થમાં જોઈએ તો મોટા થવું નકામુ લાગે છે...

બચપણની સખીને કે સખાને નીરખી ચુકેલી આંખો પછી અભિશપ્ત બની જાય છે..તલાશ શબ્દનો અર્થ કોઈ વિયોગ આત્મા ને સમજાવવો પડતો નથી..લોકગાયક કહે છે એમ,નહીં રે ભુલાય કોઈ ’દિ બાળાપણા ની પ્રીત!

એ પછી તો એની ઝંખના જ કેવળ સધિયારો બની જાય છે...વિખુટા પડેલા વટેમાર્ગુની જેમ આપણે વળીવળીને પદચિન્હો વાળી વાટ પર વિલસતા રહીએ છીએ..પરંતુ શૈશવના સરવૈયા ને સરભર કરે એવી તરબતર તુલા કયારેય મળતી નથી!!

# ભાવનગરની બાર્ટન લાયબ્રેરી: ઉજળા ઈતિહાસની ઝળહળતી ઘટના





ગુજરાતી સાહિત્યના દિગ્ગજોના નામ ઊંઘમાંથી ઉઠાડીને પણ પૂછવામાં આવે તો જવાબની ધારણા કરવી સહેલી છે. સૌથી પ્રથમ જે નામો કહીએ તેમાં કવિશ્વર દલપતરામ તથા કવિ નર્મદના નામોનું સહેજે સ્મરણ થાય. બંને મહાકવિઓ સમકાલીન હતા. આમ છતાં એકબીજાને કદી મળ્યા ન હતા. આ સ્થિતિમાં મુંબઈમાં એક ઘટના બની. કવિ નર્મદે તેની નોંધ કરી છે. આ ઘટના ૨૯ મે ૧૮૫૯ના દિવસે બને છે. મુંબઈની એક જાણીતી પુસ્તકોની દુકાન એ ઘટના સ્થળ હતું. કવિ નર્મદ કહે છે તેઓ આ પુસ્તકોની દુકાન બહાર બેઠા હતા. એટલામાં અચાનક દલપતરામ આવ્યા. તેમણે ઓળખ્યા સિવાય નર્મદને આ પુસ્તકોની દુકાન અંગે જ પૂછપરછ કરી. નર્મદે કહ્યું એ દુકાન અહીં જ છે. કવિશ્વર દુકાનમાં પ્રવેશે છે. દુકાનના માલિક (વાસુદેવ બાબાજી) કહે છે કે કવિ નર્મદાશંકર અહીં જ છે. બંને હવે એકબીજાને મળે છે. સ્નેહ તથા આદર વ્યક્ત કરે છે. આ પછી સહેજે વાતચીત કરતા દલપતરામ કહે છે કે તેઓ ભાવનગર ગયા હતા. ત્યાંના રાજવી સમક્ષ કવિશ્વરે એક સાહિત્યીક પ્રવચન કર્યું ત્યારે રાજવી ખુશ થયા. તેમણે દલપતરામને સારો એવો શિરવાપ આપવા ઈચ્છા વ્યક્ત કરી. કવિશ્વરે વાત આગળ ચલાવતા કહ્યું કે મેં રાજવીને સૂચન કર્યું કે તમે સારી એવી નાણાંકીય મદદ પુસ્તકાલય બનાવવા માટે કરો. રાજવીએ આ વાત સ્વીકારી તેનો હર્ષ કવિશ્વર પોતાના સાથી નર્મદ સમક્ષ કરે છે. સાહિત્યની આ બે મહાન પ્રતિભાઓ વચ્ચે જે પુસ્તકાલયની વાત થઇ તે જ ભાવનગરની આજની બાર્ટન લાયબ્રેરી છે. સૌરાષ્ટ્રની આ સર્વપ્રથમ લાયબ્રેરી હતી. લગભગ ૧૬૪ વર્ષ પહેલાની આ ઘટના આજે પણ ફરી યાદ કરવી તે રોમાંચકારી છે.

આ સંવાદ પછીના એક વર્ષમાં જ બાર્ટન લાયબ્રેરીનો જન્મ થયો. ૧૯મી સદીની આ એક મહત્વની તેમજ ઇતિહાસમાં વિરલ એવી ઘટના ગણાવી જોઈએ. આ લાયબ્રેરીને ૧૯મી સદીની બૌદ્ધિક ઘટના તરીકે ઓળખવામાં આવે તે સર્વથા ઉચિત છે. દર્શક ઇતિહાસનિધિએ બાર્ટન લાયબ્રેરી પરનું સુંદર પુસ્તક (લેખક:ઉષાકાન્ત મહેતા) પ્રકાશિત કરીને આપણી મોટી સેવા કરી છે. સૌરાષ્ટ્રની આ ઐતિહાસિક લાયબ્રેરીની સ્થાપના થઇ તે પહેલા અમદાવાદમાં ૧૮૪૯માં, સુરતમાં ૧૮૫૨માં અને ભરૂચમાં ૧૮૫૮માં આધુનિક ઢબના પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી. આ સારસ્વત ગતિવિધિને બળ આપવામાં દલપત-ફાર્બસની જોડીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. એક અંગ્રેજ અધિકારી જેમ્સ ફોર્બ્સ (ફાર્બસ સાહેબ)ના આ યોગદાનને વિસરી શકાય તેવું નથી. કવિશ્વર દલપતરામની વિશાળ દ્રષ્ટિનો પણ તેમાંથી ખ્યાલ આવે છે. ભાવનગરની આ ઐતિહાસિક લાયબ્રેરી છગનપ્રસાદ દેસાઈએ સ્થાપી હતી તેથી તેનું પૂર્વનામ છગનપ્રસાદ લાયબ્રેરી હતું. તેનું જ પુનઃ નામકરણ ૧૮૮૨માં બાર્ટન લાયબ્રેરી તરીકે થયું. કવિવર દલપતરામની એક પંક્તિ આ પુસ્તકાલયોની સ્થાપનાના સંદર્ભમાં મનમાં આવે છે.

સંગ્રહ કરતા ગ્રંથનો, ઉપજ્યો એક વિચાર,
સાર્વજનિક શુભ સ્થાપીએ પુસ્તકનો ભંડાર

કર્નલ બાર્ટન એ બ્રિટિશ તાજના પ્રતિનિધિ હતા. ભાવનગરના રાજવી તખ્તસિંહજી તેમજ દીવાન શામળદાસના કાર્યની તેઓ પ્રશંસા કરતા રહેતા હતા. સૌરાષ્ટ્રની રાજકીય-સામાજિક ચેતનાને કર્નલ બાર્ટન સમજી શકતા હતા. આથી તેમનું નામ લાયબ્રેરી સાથે જોડવાનો ભાવનગર રાજ્યનો આ નિર્ણય હતો. ૧૯મી સદીમાં સૌરાષ્ટ્રના શિક્ષણની સમગ્ર વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવાયેલી ન હતી. શિક્ષણ ધૂળિયા નિશાળોમાં અપાતું હતું. તે કાળના રાજકોટ ખાતે નિમાયેલા કર્નલ માલેટનું એક વિધાન મળે છે. તેઓ લખે છે: ૈૂ;શિક્ષણના ક્ષેત્રમાં સૌરાષ્ટ્રનું સ્થાન ઘણું નીચું છે. બહુ ઓછા રાજવીઓ લખી- વાંચી શકે તેવા છે. મને કહેતા દુઃખ થાય છે કે અહીંના શાસકો




તથા બીજા આગેવાનોએ શિક્ષણ પરત્વે અત્યંત ઉદાસીનતા દાખવી છે.ૈૂ; જો કે ગગા ઓઝા કે પ્રભાશંકર પટ્ટણી જેવા કાબેલ વહીવટદારોએ આ સ્થિતિ બદલવા માટેના અનેક સફળ પ્રયાસો કર્યા. ભાવનગર તથા ગોંડલ ઉપરાંત વડોદરા જેવા રાજ્યોના કેળવણીના પ્રયાસો પણ અહોભાવ ઉપજાવે તેવા દીઘર્દ્રષ્ટિવાળા હતા. આ સ્થિતિમાં બાર્ટન લાયરબ્રેરીનો શુભારંભ એ સમયની માંગ હતી. લાયબ્રેરી મુખ્યત્વે છગનપ્રસાદ દેસાઈએ આપેલા ૫૦૦૦ પુસ્તકોથી શરુ કરવામાં આવી. તેનું નામાભિધાન છગનપ્રસાદ દેસાઈ લાયબ્રેરી તરીકે થયું. રાજવીઓ માટેની રાજકુમાર કોલેજ ૧૮૭૦માં સ્થાપવામાં આવી. આધુનિક કેળવણીની દિશા તરફનું આ પ્રયાણ હતું. દોઢસો વર્ષ પહેલાની આ સ્થિતિનો વિચાર કરીએ તો કેળવણીના ક્ષેત્રે જયારે સ્થિતિ સારી ન હતી ત્યારે પણ આ દિશામાં જવા માટેના પ્રયાસોમાં સૌનો સહયોગ રહ્યો હતો. શિક્ષણના એક અભિન્ન ભાગ સમાન લાયબ્રેરી ગણાય છે. બાર્ટન લાયબ્રેરી જેવી મહત્વની સંસ્થાઓ શરુ કરવામાં નાગરિકોની સક્રિયતા ઉડીને આંખે વળગે તેવી છે. દલપતરામ જેવા સર્જકોએ તેને બળ આપ્યું. રાજવીઓ તથા કેટલાક અંગ્રેજ અમલદારો પણ આવા પ્રયાસોમાં જોડાયા. ગાયકવાડ સરકારે તો ગામ ત્યાં લાયબ્રેરી જેવો મહત્વનો નિર્ણય કર્યો. તેની ચોક્સાઈથી અમલવારી કરી. મોતીભાઈ અમીન જેવા સમર્થ લોકોને જોડીને એક સંસ્થાકીય વ્યવસ્થા વિકસાવી. જે વ્યવસ્થા આજે ૧૦૦ વર્ષ પછી પણ ચાલે છે અને સક્રિય છે. ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓએ પોતાની સમૃદ્ધ લાયબ્રેરીઓ વિકસાવી. શ્ઈ૩૯;વાંચશો તો તરશોશ્ઈ૩૯; જેવું એક મરાઠી ભાષામાં વિધાન છે. આપણે પણ બાર્ટન લાયબ્રેરીને યાદ કરીને આપણી યુવાપેઢીમાં વાંચનનો શોખ કેળવાય તેવા પ્રયાસ કરવા પડશે. બાર્ટન લાયબ્રેરી તેમજ મ્યુઝિયમ એ આપણાં માટે તીર્થસ્થાન સમાન છે. વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના પ્રભુત્વને કારણે કિશોરો તેમજ યુવાનોમાં પુસ્તકો વાંચવાની વૃત્તિ ઓછી થઇ છે. શાળા કોલેજોમાં ઈતર વાંચનની બાબતને પણ ખાસ પ્રોત્સાહન મળતું નથી. ઘણી સરકારની લાયબ્રેરીઓમાં જરૂરી સ્ટાફની તંગી છે. આ સ્થિતિ બદલવી પડશે. એક વિચારશીલ પેઢી તૈયાર કરવા તેમજ આ પ્રક્રિયાને સતત આગળ વધારવા વાંચનની રુચિ યુવાનોમાં રહે તે વ્યવસ્થા અનિવાર્ય છે.

# ફિલ્મી નહીં પણ ફિલ્મીકથા જેવી ખરેખર જીવાયેલા જીવનની સંવેદનાસભર, ઝિંદાદિલ કથા હું... તું અને તમે




‘હું... તું... અને તમે’

કોઈ ફિલ્મિનું ટાઈટલ લાગે એવું આ એક પુસ્તકનું નામ છે, પણ આ કિતાબમાં કહેવાયેલી જીવનકથા જિંદગીના ચઢાવ-ઉતાર, યોગ-વિયોગ, આનંદ-શોક, આઘાત, રોમાન્સ, કભી ખુશી - કભી ગમ જેવી ઘટનાઓથી ભરેલી કોઈ ફિલ્મની સ્ટોરીથી જરાય કમ નથી જ !

‘રીલ લાઈફ’ - ફિમમાં કલ્પનાના રંગે રંગાયેલું આવું બધું જોવું પ્રેક્ષક તરીકે ગમે. અહીં ‘રિયલ લાઈફ’માં આવી પરિસ્થિતિમાંથી ગુજરનાર, પ્રતિકૂલ સંજોગો સામે એકલે હાથે ઝઝૂમતા રહી જીવનનૈયાને ભવસાગરમાં આગળ હંકાર્યે જનાર, ‘હું... તું અને તમે’ નાં લેખિકા જાગૃતિ ત્રિવેદીની આત્મકથા વાંચતાં, તેમની મનોદશા, દ્વિધા-અકળામણ-મથામણ - અસહાયતા વિશે વાંચીને દિલ ભરાઈ આવે છે ને આંખો ભીની થઈ જાય છે.

આ જાગૃતિબેન એટલે ? થોડા ‘ફ્લેશબેક’માં જઈએ, ઍંસીના દાયકામાં ગાંધીનગરાઓએ બોબી રાજદૂત બાઈક ઉપર બેફિકરાઈથી ઘૂમતી એક ‘બેલડી’ જરૂર યાદ હશે. હા, પરેશ પટેલ અને જાગૃતિની જ વાત છે ! એ જ જાગૃતિબેન જીવનના વિવિધ રંગો - ‘શેડ્ઝ’ ભરી, ફિલ્મની કથા જેવી પોતાની આત્મકથા ‘હું... તું અને તમે’ લઈને આવ્યા છે.

આત્મકથા લખવી એ ઘણું અઘરૂ કામ છે. એમાં ય મહિલા માટે વિશેષ, કેમ કે એમાં ખુદની જીવન કિતાબને એકદમ ખુલ્લી મુકી દેવાની હોય છે. જાતને ઉઘાડા પાડવાનું આ કામ છે, આમ કરવાથી કેટલીક અણજાણ વાતો પ્રકાશમાં લાવવાથી, વ્યક્તિની જનસમાજમાં જે ‘ઈમેજ’ હોય એને ઝાંખપ લાગવાનો, કોઈકને અન્યાય થઈ જવાનો ડર આમાં રહેલો છે. આ ભયસ્થાનોથી સંપૂર્ણ જ્ઞાત જાગૃતિબેને પૂરી હિંમતથી આત્મકથા લેખનનું કપરૂ કાળ સફળતાપૂર્વક કર્યુ છે. અહીં એમની જિંદગીનો નિખાલસ અને પ્રામાણિકપણે, જરાય દિલ ચોર્યા વિના હિસાબ આપ્યો છે. એવું એમની દીર્ઘપટ પર વિસ્તરેલી આત્મકથામાંથી પસાર થતાં વાચકને અમૂક પ્રતીતિ થાય છે.

જાગૃતિબેને પોતાની આત્મકથાને ચાર ‘સર્ગ’માં વહેંચી છે. ‘સર્ગ’ એટલે દીર્ઘ કાવ્યના અધ્યાય - ભાગ. એક રીતે જોતાં લેખિકાનું પ્રારંભે ખૂબ સરળતાથી, સુખ - ચેન, મન મસ્તીમાં વીતેલું જીવન મધુર-મંગલ ગાન જેવું લાગે છે અને કાળક્રમે અણધાર્યા આઘાત આવી પડતાં પણ શોક-વેદના-કરૂણતાથી ઘેરાઈ જતી જિંદગી કરૂણ કાવ્ય જેવી છે. એટલે જ પોતાની કરૂણમંગલ કાવ્ય સમ જીવનકથાના પુસ્તકને ‘સર્ગ’માં વિભાજીત કરીને આપવાની સર્જકની દૃષ્ટિ અભિનંદનીય છે !

સર્ગ-૧ એટલે ‘હું - અને તું.’ આ સર્ગનાં ૧૨ પ્રકરણોમાં સુખી-સંપન્ન - સંસ્કારી કુટુંબની દીકરી તરીકે પોતે માત-પિતા, વડીલોની શિતળ છત્રછાયામાં અને બહોળા પરિવારનાં ભાંડરડાંઓ, સખા-સહેલીઓ સાથે મોજથી વીતાવેલા બાળપણ - શૈશવનાં સંભારણાં, ન્યાયાધીશ પિતાજીની બદલીપાત્ર નોકરી સબબ રાજ્યનાં સંખ્યાબંધ શહેરોમાં રહેવાનું થતાં દરેક જગ્યાએ મળેલાં નવાં વાતાવરણ - નવા મિત્રો, નવી શાળાઓ અને સંબંધો તથા જીવેલી નાની મોટી ઘટનાઓનાં સરસ વર્ણનો સાથેની વાતો વાંચતાં, વિગતપ્રચૂર - સુંદર ‘ડાયરી’ વાચનની અનુભૂતિ થાય છે. તો મુગ્ધાવસ્થાનાં નિર્વોષ તોફાનો, ભણવા સાથે સદા અગ્રેસર રહી અવિરત કહેલી ભાતભાતથી ઈતર પ્રવૃત્તિમાં તેમજ યૌવનાવસ્થાના ઉન્માદ, વિજાતીય આકર્ષણ, ભણવા સાથે બિન્દાસ્તપણે કરેલાં પરાક્રમો, ગમતા મિત્ર સારા લગ્ન માટે આવી પડતી પ્રપોઝલ, ખૂબ અસમંજસતાના અંતે સ્વીકાર, મમ્મી-પપ્પાની મરજી વિરૂદ્ધ કરેલાં પ્રેમ લગ્ન, ‘દો દિવાને દિલ કે’ની જેમ હરવા-ફરવા, પિક્ચર-પાર્ટીઓ, મિત્રોની મહેફીલો, મોજ મસ્તીમાં વિતાવેલા દિવસો, પછી લગ્ન સાથે આવી પડેલી સંયુક્ત કુટુંબની નિષ્ઠાપૂર્વક ઉપાડી લીધેલી જવાબદારીઓ વગેરે વિશેનું લખાણ જાણે કોઈ મનભાવન નવલકથા વાંચતા હોઈએ એવું લાગે છે... તો પ્રેમી પતિ પરેશની આકસ્મિક વિદાયના અતિ હૃદયદ્રાવક પ્રકરણ ‘આંખે કંકુના સૂરજ આથમ્યા’ ગમે એવા પથ્થર દિલ વાંચકને ય રડાવી દે એવો છે... અને હૃદયમાં દુઃખ, વેદના, આઘાત અને કથાનાયિકા માટે ભારોભાર સહાનુભૂતિની ઘેરી-શોકમય છાપ છોડી જાય છે.

‘સ્વ ની શોધમાં’ એ જાગૃતિ ત્રિવેદીની આત્મકથાના સર્ગ-૨ નું શીર્ષક છે. આ ‘સર્ગ’નાં પાંચ પ્રકરણો એટલે ‘સર્જનહાર કે સ્પાઈડરમેન’, ‘મારી હમરાઝ’, ‘જનક રાજાનું અભિમાન’, ‘સમય વીસે, વિધિ વહેંચે’ અને ‘સંબંધમાં બંધન કે બંધનમાં સંબંધ’. આ પ્રકરણોમાં પ્રેમી પતિની અચાનક, અતિ વસમી વિદાયથી આવી પડેલી - ખાવા ધાતી હોય એવી એકલતાની પીડા. નાનકડા શિખાને બાથમાં લઈ રાતોની રાતો સારેલાં આંસુ, પરેશે અને પોતે કેટલાય અરમાનો સાથે, પાઈ પાઈ કરીને બનાવેલા ઘરના ઘર ‘સર્ગ’ના નિર્માણ સમયથી મીઠા ઝઘડાઓભરી યાદો, ‘હવે પછી શું થશેની ચિંતાથી ‘હતપ્રભ’ દશાનો કરૂણ ચિતાર, અત્યંત પ્રતિભાવન, અજાતશત્રુ, ગાંધીનગર અને સચિવાયલની દરેક પ્રવૃત્તિઓમાં સદા અગ્રેસર ને સક્રિય પરેશને અંતિમ વિદાય સમયે તે પછી મળેલાં માન-સન્માનની વિગતવાર વાતો, ‘દુઃખનું ઓસડ દહાડા’ એ ન્યાયે ધીરે ધીરે પ્રાપ્ત થયેલી સ્વસ્થતા, નોકરી, શિખાની સંભાળ-શિક્ષણની વ્યવસ્થા, પુનઃ લગ્ન માટેની વડીલોની સલાહના પગલે અનુભવાતી દ્વિધા, પાત્ર પસંદગીની મુંઝવણ - પ્રશ્નો, એની અકળામણને મથામણ, એકલતાના એ સમયે તે પછી કાયમ માટે ‘હમરાઝ’ બની ગયેલી સખીને એ જ નિકટતમ ‘હમરાઝ’ની કોરોનામાં ચિરવિદાયની અસહ્ય પીડા. પુનઃ લગ્ન માટે લગ્ન વિષયક અપાયેલી જાહેરાત તેના પગલે આખો સચિવાલયમાં પોતાના પુનઃલગ્નના અભિમાનની જાગેલી ચર્ચાથી ભાંગી પડવું, નિખાલસ -ખેલદિલ પિતા કવિ શ્રી હસમુખભાઈ મઢીવાલા દ્વારા અપાયેલ સધિયારો અને બંધાયેલી હિંમત, પાત્ર પસંદગી માટે યોજાતી મુલાકાતો, પુનરલગ્ન સંદર્ભે ચોક્કસ સમયાબધિ સાથે એક જ્યોતિષે ભાખેલા ભવિષ્ય અને પોતે ખોટા પડે તો વ્યવસાય છોડી ‘જાગૃતિબેનના ઘરે કચરા-પોતાં કરવા આવી જવાની’ કરેલી શરત વિશે તથા એ મુદતના થોડા સમય પહેલાં જ ‘હું...તું અને તમે’ માંના ‘તમે’નું સામેથી અચાનક ઓફિસમાં આવી મળવું અને ‘હજી તમે ગોઠવાયાં ન હો તો બેસુ’ કહેવું ને પછી ખુરસીમાં ગોઠવાવું, વાતનું આગળ વધવું અને અંતે બધું સાનુકૂળ જણાતાં, પંકજભાઈ ત્રિવેદી સાથે ‘એમના જયને મમ્મી ને મારી શિખાને પપ્પા મળશે’ એવી અંદરની ઝંખનાથી ઉદ્ભવેલા ખેંચતાણથી સંબંધમાં બંધન કે બંધનમાં સંબંધ’ની મીઠી મૂંઝવણ સાથે લગ્ન માટે હા પાડી, લગ્નગ્રંથિથી જોડાઈ જવા સુધીના કથાનકમાં ક્યારેક ભારોભાર કરૂણા-વેદના ટપકે છે, ક્યાંક લેખિકાની ખુમારીને ખુદ્દારીનાં, નેતૃત્વ-કાર્યનિષ્ઠા, કલારસિકતા અને માણસુડા સ્વભાવનાં દર્શન થાય છે. ક્યાંક હળવાશ-મજાક માણવા પણ મળે છે જેમકે ‘મેં આખરે ૪૦ જેટલાં પાત્રોની મુલાકાત કરી. વિક્રમાદિત્યની ૩૨ પૂતળીઓની વાર્તાની જેમ હું ૪૦ પાત્રોની વાત લખવા બેસું તો મારે બીજું પુસ્તક લખવુ પડે...’ ને જેમાં મને કોઈ પાત્ર પસંદ પડતું ત્યાં હું એની ફ્રેમમાં ફિટ થતી જ્યોતી...’ કે ‘‘આવું કશું થાય નહીં એવું કંઈ નથી’’ એ પંક્તિ મુજબ ધીમે ધીમે હું પંકજ તરફ ખેંચાઈ. ફરીથી પાછો પ્રેમ થઈ ગયો... તફાવત બંનેમાં એટલો કે પરેશ સાથે હું ‘બ્લાઈન્ડ ગેમ ‘રમી’ જ્યારે પંકજ સાથે માત્ર દિલથી જ નહીં બુદ્ધિથી પરિપકવતાથી, શક્ય તેટલી તપાસ કરાવી આ હોમ કરીને...’ તો બારીક અવલોકનો, સચોટ ને ઝીણવટભર્યા વર્ણનો એ જાગૃતિબેનની આત્મકથામાં આરંભથી અંત સુધી જોવા મળતી કલમની-લેખન શૈલિની લાક્ષણિકતા છે.

સર્ગ-૩ ‘હું...તમે ને આપણે’નાં ૧૫ પ્રકરણોમાં પટેલમાંથી ત્રિવેદી બનતાં જાગૃતિ અને પંકજના રોમાંચક સંવનન તબક્કાની, એકબીજાને જાણવા-સમજવા મોડી રાત સુધી ચાલતી બેઠકો-ગોષ્ઠિની, મનોમન પંકજભાઈની પરેશ સાથે થઈ હતી. તુલનાની નિખાલસ કબૂલાત જોવા મળે છે. પોતાનાં નવાં સાસુમાના પ્રેમાળ, લાગણીશીલ સ્વભાવ, આધુનિક વિચારસરણી, કલાસાહિત્યમાં અભિરૂચિ, જીવન તરફના રસિક અભિગમ, એમની વિનોદવૃત્તિ વિશે પ્રસંગો સાથે એવુ સરસ આલેખન કર્યુ છે કે એમાંથી આપણને કરૂણામૂર્તિ દયાબાનું એક સુંદર રેખાચિત્ર સાંપડે છે અને સાસુ-વહુના મા-દીકરી જેવા સુમેળ-વાત્સલ્યભર્યા સંબંધોની અનુભૂતિ પણ.

દીકરી શિખાના લંડન ગમનથી હૃદયનો ટૂકડો કપાઈ ગયાની થયેલી વિષાદભરી લાગણી, પછી જયના વિદેશગમનથી બંને એકલાં થઈ ગયાના દુઃખની, જય માટે ‘વહુ’ શોધવા ઉમંગે આદરેલા ઉદ્યમની, એનાં ધામધૂમથી ઉજવેલા લગ્નોત્સવની, શિખાનાં લગ્નની ખુશીની અને એના લગ્નજીવનમાં આવી પડેલી સમસ્યાથી ચિંતીત-વલોવાતા માતૃ હૃદયની દયાની ‘સ્પીપા’માં સર્વિસ દરમિયાન કરેલા સફળ પ્રોજેક્ટ્સને પ્રયોગો,

અનુસંધાન પાના નં. ૭ પર

# શેર માટીની ખોટ




નદી કિનારાનું આ ગામ. નામ એનું સીતાપુર. અહી બ્રાહ્મણ દંપત્તી રહે - રામ શર્મા અને જાનકી. બંનેને હવે તો ઉંમર થઈ હતી - પ્રૌઢ વય. બંને ધાર્મિક અને સંસ્કારી. આ સાત્વિક પુરૂષને પુરોહિતકર્મથી મબલખ આવક થાય. સાત ઓરડા અને મોટી પરસાળ એના મકાનમાં. હવેલી જ કહેવાય. તકલિફ એક જ વાતની - શેર માટીની ખોટ. નિઃસંતાન.

એમાં આવ્યો અધિક માસ. જાનકીની તો દશા બેઠી. ઘરકામ, રસોઈ - આ બધામાં સમય મળે નહિ. ઉંમર વધુ - એટલે થાકી જાય. આમાં વિશેષ ધર્મકાર્ય તો શું થવાનું ? એને ઓચિંતો વિચાર ઝબક્યો - ‘મારે જો ઘરમાં પુત્રવધૂ હોય, તો કેવું સારૂ ? એ ઘરકામ સંભાળે, હું ધર્મકાર્ય.’ એણે રામ શર્મા પાસે ટહેલ નાખી - ‘મને ગમે ત્યાંથી પુત્રવધૂ લાવી આપો. આ લ્યો, તમારૂ ટીમણ. ભાથુ. દેશાટન કરો ને વહુ લાવી આપો.’ રામ શર્માની તો આંખો પહોળી થઈ ગઈ. પણ શું કરે ? પત્ની છે, તો માનવું તો પડે જ.’

હરતાં ફરતાં, એ બાજુના ગામમાં આવ્યો. એણે લોકો પાસેથી સાંભળ્યું - ‘આ ઘર બ્રાહ્મણનું છે. એને સંસ્કારી કન્યા છે. એ કુંવારી છે, એનું નામ લક્ષ્મી છે.’ રામ શર્માને થયું - ‘નસીબ અજમાવી જોઉં.’

એણે ગરમાં પ્રવેશ કર્યો. એને સારો અતિથિ-સત્કાર મળ્યો. પછી એણે લક્ષ્મીના મા બાપ પાસે પ્રસ્તાવ મૂક્યો - ‘મારી વિનંતી છે. હું મારા પુત્રનું માગું આ કન્યા માટે લઈને આવ્યો છું. પુત્ર જ્ઞાની છે, છતાં વધુ અભ્યાસ માટે કાશી ગયો છે, આ અધિક માસ પૂરો થશે, એટલે આવી જશે. તમે જુઓ અ`ન ાી હસ્તપ્રતોની પોથી. આ પોથી સાથે લક્ષ્મી ફેરા ફરે. છેલ્લો ચોથો ફેરો એ મારા દીકરા સાથે ફરે - આ માસ ઉ૮ાર` ત્યારે.’ આ રી૮ા`, પારણીનો. રામ શર્મા સાથે ઘરે આવી. જાનકીએ હરખભેર ઓવારણા લીધા.

લક્ષ્મીએ ઘર સંભાળી લીધું - જાનકીએ ધર્મ કાર્ય સંભાળી લીધું. બધું સારૂ ચાલે. પણ, પહેલો દુશ્મન પાડોશી. પડોશણે લક્ષ્મીને કહ્યું - ‘આને તો દીકરો જ નથી.’ લક્ષ્મીને આઘાત તો લાગ્યો - પણ જાનકીએ બાજી સંભાળી લીધી. લક્ષ્મીને ચાવીનો ઝૂડો સોંપી દીધો.’ આ સાત ખંડની ચાવી છે. સાતમો ખંડ ન ખોલીશ.’

એકવાર, મા બાપની ગેરહાજરીમાં, લક્ષ્મીએ સાતમો ખંડ ખોલી નાખ્યો. એક સોહામણો યુવક અભ્યાસમાં મગ્ન છે.’ એ તો આભી થઈ ગઈ. યુવકે કહ્યું - ‘હું પુરૂષોત્તમ છું, આ વ્યવસ્થા મારા મા બાપે ગોઠવી છે, તું જતી રહે. બારણું બંધ કરી દે. મહિનો ઊતરશે, એટલે હું તારી સાથે બાકીનો ચોથો ફેરો ફરી લઈશ.’ લક્ષ્મી તો રાજીની રેડ ! મહિનો પૂરો થયો. લક્ષ્મીએ સાસુને કહ્યું - ‘મારા લગ્ન માટે છેલ્લો ફેરો બાકી છે. એ પતાવી દઈએ.’ જાનકી મૂંઝાઈ ગઈ. લક્ષ્મીએ કહ્યું - ‘સાતમા ખંડ પાસે ચાલો, અને દીકરાને બોલાવો.’ જાનકીને થયું - ‘લક્ષ્મીને રાજી રાખવા, બોલાવું તો ખરી ?’ એણે બારણે આવીને બૂમ પાડી - ‘દીકરા, બહાર આવ.’ આ શું થયું ? બારણું ખુલ્યું, એમાંથી રૂપના અંબાર જેવો યુવક બહાર આવ્યો. મા બાપને તો - હૈયે હરખ ન માંય. પુરૂષોત્તમનો, ચોથો ફેરો, લક્ષ્મી સાથે સંપન્ન થયો. પુરૂષોત્તમના લક્ષ્મી સાથે શુભ લગ્ન !!!